જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૨/૨૦૧૯ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-
સમાચાર યાદી નં.૨૩૭/૧૯

## પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશીદારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતો નામે ધનરાજ મોહનભાઇ રાઠોડ (છારા) ઉવ-૩૯ રહે અચેર છારાનગર રબારીવાસ અચેર, સાબરમતી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ દેશીદારુનો કેશ શોધી કાઢી સદરી આરોપીને આવી પ્રવુતી પ્રોહી કલમ 93 કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક-પીસીબી/DTN/પાસા/૧૧૪/૨૦૧૯ તા:૦૪/૦૨/૨૦૧૯ ના રોજ હુકમ કરતા સદર હુકમ આધારે સદરી આરોપીને આજરોજ તા:૦૫/૦૨/૨૦૧૯ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

# કૃષ્ણનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

## પ્રેસનોટ

આજરોજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ નીરજ બડગુજર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન શ્રી એ.એમ.દેસાઇ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.આર.ચૌધરી સાહેબ નાઓની સુચના મુજબ આજરોજ સર્વે.સ્કવોડના પો.સબ.ઇન્સ ડી.જી.વહોનીયા તથા એ.એસ.આઇ રણજીતસિંહ રણછોડસિંહ બ.નં-૬૯૫૭ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા લોકરક્ષક સતીષકુમાર જયંતીલાલ બ.નં-૫૩૧ નાઓ શરીર સબંધી અનડિટેકટ ગુન્હાઓ શોધી કાઢવા સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન કૃષ્ણનગર પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૩૦/૧૯ ધી.ઇ.પી.કો.કલમ-૧૪૩,૧૪૭,૧૪૮,૩૨૩,૪૨૭,૨૯૪(ખ),૫૦૬(૨),તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧).મુજબની ફરિયાદના કામે અજાણ્યા છ થી સાત ઇસમો જેઓના નામ સરનામાં જાણવા મળેલ ન હોય તેઓની તપાસ દરમ્યાન સી.સી.ટી.વી ફુટેજ મેળવી તે આધારે ફરિયાદી તેમજ સાહેદોને ઓળખ કરાવી આરોપીઓની માહિતી મેળવી ત્રણ આરોપીઓ નામે (૧)મયુર સ/ઓ મનુભાઇ જાતે લાઠીયા ઉ.વ.૨૮ રહે-મ.નં.૧૩૭/૧ ડાયમંડ પાર્ક ગાયત્રીસ્કુલ પાસે નિકોલ અમદાવાદ તથા નં-(૨)મયુર ઉર્ફે મદો સ/ઓ મદારસંગ જાતે ટાંક ઉ.વ.૨૧ રહે-જે/૨ શિવગણેશ રેસીડેન્સી ઉદય-શો રૂમ પાછળ રીંગરોડ નિકોલ અમદાવાદ તથા નં-(૩)રોનક સ/ઓ હરેશભાઇ જાતે પંડયા ઉ.વ.૧૯ રહે-મ.નં.એ/૧૬ પ્રથમ એવન્યુ ફલેટ શારદાબા સ્કુલ પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓને તા,૦૫/૦૨/૧૯ ના ક,૨૦/૩૦ વાગે પકડી પાડી અનડિટેક ગુંન્હો ડિટેક કરી પ્રસંન્સનીય કામગીરી કરેલ છે તેમજ અન્ય આરોપીઓ નં-(૪)વનરાજસિંહ ઉર્ફે રાજ સ/ઓ કનુસિંહ જાતે દરબાર રહે-રઘુલીલા રેસીડેન્સી ઓઢવ અમદાવાદ તથા નં-(૫)અજય ઉર્ફે પિન્ટુ સ/ઓ કિર્તીભાઇ પંચાલ રહે-હરિદર્શન સોસા.રામોલ અમદાવાદ તથા નં-(૬)મનિષ ઉર્ફે કન્ટુશ પ્રજાપતિ રહે,વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓના નામ-સરનામાં મળી આવેલ હોય અને સદર ગુંહના હથીયાર લોખંડની પાઇપો લઇને નાસી ગયેલ હોય તેઓની શોધ-ખોળ તપાસ જારી રાખેલ છે તા,૦૬/૦૨/૨૦૧૯

## પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

**મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ, તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પો.ઈન્સ. ડી.આર.ગોહીલ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્ટાફ્ના માણસોએ દાખલ થયેલ (૧) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૦૨૦/૧૭ પ્રોહી કલમ ૬૬(બી) ૬૫(એ)(ઈ) ૧૧૬(બી) મુજબ (૨) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૦૪૩/૧૯ પ્રોહી કલમ ૬૫(એ)(ઈ) ૧૧૬(બી) મુજબના ગુનાના કામની આરોપણ બેન નામે નંદુબેન નવસિંગ ઉર્ફે નવલસિંગ જાતે- સંગાડા ઉવ.૬૦ રહે - અંબીકાબ્રીજ પાસેના કાચા છાપરા વટવા અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૧૯/૨૦૧૯ તા.૦૫/૦૨/૨૦૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપણ બેનને આજરોજ તા.૦૫/૦૨/૨૦૧૯ ના કલાક ૧૭/૩૦ વાગે વટવા પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી પાસા હુકમની બજવણી કરી આરોપણ બેનને યોગ્ય જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર - સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.**

## <u>ચોરી કરેલ ૪ વાહનો સાથે બે આરોપીને પકડી પાડતી નરોડા પોલીસ તથા નીકોલ અને કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના બે વાહનચોરીના ગુન્હા શોધાયા</u>

ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ વાહનચોરીના ગુના શોધવા કરેલ સુચના અંગેની કામગીરીમા નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટરશ્રી નાઓએ આપેલ માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના પો.સ.ઇ.ડી.કે.મોરી તથા સર્વેલન્સ સ્કોડના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કોન્સ ધુમકેતુ આત્મારામભાઇ બ.નં-૧૨૩૨ તથા પો.કોન્સ પ્રદિપકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ નાઓની સયુકત બાતમી આધારે આરોપીઓ (૧) ચેતન ઉર્ફે ચીન્ટુ રતીલાલ નાઇ ઉ.વ-૩૨ રહે આબુરાજ નામની દુકાનમા રાજીપા ગ્રીનલેન્ડ કોમ્પ્લેક્ષ,કાનબા હોસ્પીટલની સામે,નીકોલ,અમદાવાદ તથા (૨) નરપત ફોજારામ ભીલ ઉ.વ-૨૩ રહે સદર નાને ચોરી કરેલ કુલ-૪ વાહનો સાથે પકડી લીધેલ છે.જે <u>અંગે (૧) નરોડા પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર.નં-૨૫/૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ તથા (૨) નરોડા પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર.નં-૨૬/૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુન્હો નોંધાયેલ છે.તથા (૩) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-૩૧/૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ તથા (૪) નીકોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-૨૩/૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ</u>નો ગુન્હો દાખલ થયેલ છે.તેમજ ઉપરોક્ત પકડાયેલ આરોપીઓએ આ સિવાય અન્ય કોઇ ઘરફોડ ચોરીના કે વાહનચોરીના ગુન્હા કરેલ છે કે કેમ તે અંગે હાલમા તપાસ ચાલુ છે.

## <u>રખીયાલ પોલીસ સ્ટેશન</u>

મે.એડી.ચીફ.મેટ્રો.મેજી.સા શ્રી કોર્ટ નં ૨૯ નાઓના સીસી નં ૨૩૪/૧૦ તથા ૨૫૪૨/૧૦ નેગો એક્ટ કલમ ૧૩૮ ના ગુનાના કામે સને ૨૦૧૭ માં સજા પામેલ આરોપી નામે ભગવાન રામપ્રાસાદ નાઇ ઉ.વ: ૩૫ રહેઃ ચુંનીલાલ પટેલની ચાલી ઉત્તમ ડેરી રોડ સુખરામનગર અમરાઇવાડી અમદાવાદ શહેરનાઓને ઉપરોક્ત ગુનાના કામે સજાનો હુકમ થયા બાદ નાસતા ફરતા હોય જેઓને સદરી કોર્ટ ના પકડ વોરંટ આધારે પકડી કોર્ટ હવાલે કરતી રખીયાલ પોલીસ

મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-7 તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એન" ડિવીઝન સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુન્હા અટકાવવા તથા શોધી કાઢવા આપેલ સુચના અન્વયે અનાર્મ હેડ.કોન્સ અજિતસીંહ દશરથસિંહ બ.નં. ૬૨૫૪ તથા સર્વેલન્સ સ્કોડના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન હકીકત આધારે એક્ટીવા નંબર- GJ-01-PY-2988 વાળાને રોકી તપાસ કરતા એક્ટીવા ઉપર બે ઈસમો હતા જેમાં એક્ટીવા ચાલકનું નામ મહંમદઅઝરુદીન ફજલુદીન શેખ ઉવ.૨૮ ધંધો મજુરી રહે.ખાનપુર પ્રેસ સ્કુલ ની પાછળ રાજા કસાઈની ચાલી ખાનપુર અમદાવાદ શહેર તથા પાછળ બેઠેલ ઈસમનુ નામ મુજીબુલ્લાખાન અસ્બઉલ્લાખાન પઠાણ ઉવ.૨૨ ધંધો નોકરી રહે.2157/GF મહોન મંજીલ ખાનપુર જુના કાગદીવાળ ભીલવાસ ની સામે અમદાવાદ શહેર હતુ અને એક્ટીવા ચાલકની અંગઝડતી કરતા તેની પાસેથી એક લેનોવો કંપનીનો મોબાઇલ નં.કે-4 મોડલનો જેની આશરે કિ.રૂ.5000/- તથા અલગ અલગ બેંકના ડેબીટ કાર્ડ જેમાં એક SBI બેંકનુ ડેબીટ કાર્ડ જેનો નં. 4786 7900 1679 2382 વાળુ તથા બીજુ BOB નુ ડેબીટ કાર્ડ જેનો નં. 4029 8550 2058 2918 વાળુ છે તથા પાનકાર્ડ જેનો નં. AJXPN8277G વાળુ છે તથા કલબ વેસ્ટ ગોલ્ડ કંપનીનુ કલબ કાર્ડ તથા પ્રાઇડ પ્રીમીયમ કલબ નુ કાર્ડ છે તથા સ્ટાર બજાર કલબ કાર્ડ છે તથા બજાજ ફાયનાન્સ નુ કાર્ડ જેનો નં.2030 4001 0283 1486 છે તથા રીલાયન્સ વન મોલનુ કાર્ડ જેનો નં. 6048 6313 4495 5003 વાળુ છે તથા પેન્ટાલુન્સ કંપનીનુ ગ્રીન કાર્ડ છે જે તમામ કાર્ડ ની કિ.રૂ.00/00 ગણાય તે મળી આવેલ જે સબંધે પુછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ આપતા ન હોઈ તેથી ઉપરોક્ત વસ્તુ ચોરી અથવા છળકપટથી મેળવેલ હોવાની શક્યતા હોય એક્ટીવા નં.GJ-01-PY-2988 કિ.રૂ.૨૬૦૦૦/- સાથે મળી કુલ્લે રૂ. ૩૧,૦૦૦/- નો મુદ્દામાલ CRPC ૧૦૨ મુજબ કબ્જે લીધેલ અને આરોપીઓને CRPC ૪૧ (૧)(ડી) મુજબ તા.૦૪/૦૨/૨૦૧૯ ના કલાક ૧૮/30 વાગે અટક કરેલ છે અને તપાસ કરતા ઉપરોક્ત મુદ્દામાલ આરોપી નં- ૧ મહંમદઅઝરુદીન ફજલુદીન શેખ રહે, સદર નાઓએ વસ્ત્રાપુર પો.સ્ટેની હદમાંથી રીક્ષામાં બેઠેલ પેસેન્જરનુ પર્સ ખેંચીને ચોરી કરેલ હોવાનું જણાવેલ હતુ અને વધુ તપાસ કરતા આરોપી નં- ૧ મહંમદઅઝરુદીન ફજલુદીન શેખ રહે. સદર નાએ નીચે મુજબના ગુનાઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે,

(૧) પાલડી પો.સ્ટે ફસ્ટ- ૦૩/૨૦૧૯ ઈ.પી.કો કલમ ૩૫૬, ૩૭૯ મુજબ

(૨) પાલડી પો.સ્ટે ફસ્ટ- ૦૧/૨૦૧૯ ઈ.પી.કો કલમ ૩૫૬, ૩૭૯ મુજબ

(૩) વાસણા પો.સ્ટે ફસ્ટ- ૧૩૭/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૩૫૬, ૩૭૯ મુજબ

(૪) વસ્ત્રાપુર પો.સ્ટે ફસ્ટ- ૨૮/૨૦૧૯ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ

સદરહુ આરોપી રીક્ષામાં મુસાફરી કરતી એકલ દોકલ વ્યક્તીને ટાર્ગેટ બનાવી તેના હાથમાનુ પર્સ આંચકી ભાગી જવાની એમ.ઓ ધરાવે છે. અને હાલમાં તપાસ ચાલુ છે. તા.૦૫/૦૨/૨૦૧૯

## પાસા અટકાયતીના આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોક કુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ પાસા અટકાયતી દિવ્યાંગ ઉર્ફે દિવેશ સ/ઓ બળવંતસિંહ રાઠોડ (છારા) ઉવ.૨૭ રહે,મનં-ડી/૫૦૮ પારંતી ફ્લેટ દસ્તાન સર્કલ પાસે નિકોલ અમદાવાદ શહેર નાઓના વિરૂધ્ધમાં પુરાવા ભેગા પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં-PCB/DTN/PASA/116/19 તા.05/02/2019 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા અ.હેડ.કોન્સ ચંદુલાલ મગનભાઈ બનં-૭૯૮૫ તથા પો.કો ચંન્દ્રસિંહ લાખુભા બનં-૫૮૮૯ તથા પો.કો રાજેશભાઈ રમેશભાઈ બનં-૬૭૭૯ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો ચંન્દ્રસિંહ લાખુભા તથા પો.કો રાજેશભાઈ રમેશભાઈ નાઓને મળેલ સયુંક્ત બાતમી આધારે ઉપરોક્ત પાસા અટકાયતીને આજરોજ તા.૦૫.૦૨.૨૦૧૯ ના રોજ પકડી પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા હેઠળ પાસા અટકાય હેઠળ ભુજ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.તા.૦૫.૦૨.૨૦૧૯.

## ૧૭ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી એલીસબ્રીજ પોલીસ સ્ટેશન પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર અમદાવાદ શહેર સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ શ્રી અમિતકુમાર વિશ્વકર્મા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર એમ વિભાગ શ્રી વી.જી.પટેલ સાહેબ નાઓની સુચના માર્ગદર્શન હેઠળ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ. શ્રી એ.એસ.પટેલ સાહેબ નાઓની સુચના માર્ગદર્શન મુજબ નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા સારૂ પો.સ.ઈ. એ.પી. જેબલીયા સાહેબ નાઓએ ચોકક્સ હકીકત આધારે એલીસબ્રીજ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૩૬૬/૨૦૦૧ ઈપીકો કલમ ૪૦૬ , ૪૨૦ , ૪૬૫ , ૪૬૭ , ૪૬૮ , ૪૭૧ , ૧૧૪ મુજબના કામના આરોપી સ્નેહલ @ રિંકુ સન/ઓફ નરેશભાઈ ત્રિવેદી ઉવ.૪૩ ધંધો. વેપાર રહે, એચ/૫૦૨ સંતુર ગ્રેસ સ્વાગત ફ્લેમિંગો પાછળ સરગાસણ ક્રોસ રોડ ગાંધીનગર નાને પકડી આજ રોજ તા. ૦૫/૦૨/૨૦૧૯ ના કલાક ૧૨/૩૦ વાગે ગુનાના કામે અટક કરી આગળની તપાસ હાથ ધરી સને – ૨૦૦૧ થી છેલ્લા ૧૭ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી સારી કામગીરી કરેલ છે.

# ભારતીય બનાવ્વટની વિદેશી દારૂની બોટલ નંગ-૨૮૧ કિ.રૂ.૧,૪૦,૫૦૦/-ની મત્તા સાઅથે બે આરોપીઓને પકડી પાડતી રામોલ પોલીસ

## ગણનાપાત્ર

આજરોજ તા.૦૫/૦૨/૧૯ ના રોજ રાત્રીના પેટ્રોલીંગ દરમ્યાન ઉપરી અધિકારીશ્રી નાઓની સુચના મુજબ સિની.પોલીસ ઇન્સ્પેકટરશ્રી કે.એસ.દવે સાહેબના માર્ગદર્શન હેઠળ એ.ઓ.ભરવાડ પો.સબ.ઇન્સ નાઓ સ્ટાફના હે.કો શીવપ્રકાશ શેષમણી તથા પો.કો સાગરભાઇ રાધવભાઇ તથા બીજા સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૦૩/૧૫ વાગે મુકતાનંદ સોસાયટીની પાછળ આવેલ નિલકંઠ એસ્ટેટ આગાળ આવતા પો.સ.ઇ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે હાલમા પાસામાથી છુટીને આવેલ વિજય @ લલ્લુ સુર્દશન પાલ રહે.સી/૧૧ મુકતાનંદ સોસાયટી જામફળવાડી રામોલ અમદાવાદ તથા સંજય @ બંટી ચમનભાઇ પટેલ રહે. રધુલીલા ફ્લેટ નાઓ ભારતીય બનાવટનો વિદેશી દારૂનુ કટીંગ નિલકંઠ એસ્ટેટમાં કરે છે જે બાતામી હકીકત આધારે પો.સ.ઇ નાઓએ પંચો તથા સ્ટાફના માણસોની સાથે રેડ કરતા નિલકંઠ એસ્ટેટના શેડ નં.૧૪ તથા ૧૫ ની આગળ સંડાસમાં વિદેશી દારૂની પેટીઓ સંતાડતા વિજય @ લલ્લુ સુર્દશન પાલ રહે.સી/૧૧ મુકતાનંદ સોસાયટી જામફળવાડી રામોલ અમદાવાદ તથા રાજકુમાર @ ટમાટર @ રાજા લાલુપ્રસાદ યાદવ રહે.બલરામભાઇની ચાલી મોદીનગર અમરાઇવાડી અમદાવાદ શહેર નાઓ રેડ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૨૮૧ કિ.રૂ.૧,૪૦,૫૦૦/- નીં મત્તા સાથે મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ પો.સ.ઇ એ.ઓ.ભરવાડ નાઓ ચલાવી રહેલ છે.

## <u>પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશીદારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતો નામે **<u>ધનરાજ મોહનભાઇ રાઠોડ (છારા) ઉવ-૩૯ રહે અચેર છારાનગર રબારીવાસ અચેર, સાબરમતી અમદાવાદ શહેર</u>** નાઓ વિરૂધ્ધ દેશીદારુનો કેશ શોધી કાઢી સદરી આરોપીને આવી પ્રવુતી પ્રોહી કલમ 93 કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા <u>ક્રમાંક-પીસીબી/DTN/પાસા/૧૧૪/૨૦૧૯ તા:૦૪/૦૨/૨૦૧૯ ના રોજ હુકમ કરતા સદર હુકમ આધારે સદરી આરોપીને આજરોજ તા:૦૫/૦૨/૨૦૧૯ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી ખાસ જેલ પાલારા ભુજ</u> ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.